Extra No. 344

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **Tuesday, SEPTEMBER 23, 2025 / Asvina 1, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધા:-

(૧) સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના તા.૨૧.૦૭.૨૦૨૫ નું જાહેરનામું.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના પત્ર નં.એલ.આઈ.બી/નવરાત્રી/જાહેરનામુ/૧૫૫૯/૨૦૨૫, તા. ૨૨.૦૯.૨૦૨૫

:-જાહેરનામુ:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(એન), ૩૬(ઈ)(એ) અને ૩૮ અન્વયે

નં.ડીસી/નવરાત્રી/જાહેરનામું/વશી/૭૯૨/૨૦૨૫.- હાલમાં રાજ્યમાં આગામી સમયમાં તા. ૨૨.૦૯.૨૦૨૫ થી તા. ૦૧.૧૦.૨૦૨૫ સુધી નવરાત્રિ મહોત્સવ તેમજ તા.૦૨.૧૦.૨૦૨૫ના રોજ દશેરાની ઉજવણી કરવામાં આવનાર છે. જે દરમિયાન ખાનગી કે જાહેર સ્થળે રાત્રિ દરમિયાન ગરબા, રાસના કાર્યક્રમમાં લાઉડ સ્પીકર મોડે સુધી ચાલુ રાખવામાં આવે છે.

સરકારશ્રીના આમુખ-(૧)ના નોટિફિકેશન થી નવરાત્રીના મહોત્સવ દરમિયાન રાત્રિના ૧૦:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી પબ્લિક એડ્રેસ સિસ્ટમ લાઉડ સ્પીકર વગાડવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જેથી પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લીનાઓએ આમુખ-(૨)ના પત્રથી તા. ૨૨.૦૯.૨૦૨૫ થી તા.૦૨.૧૦.૨૦૨૫ સુધી રાત્રિના ૧૨.૦૦ કલાક પછી પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડ સ્પીકર વગાડવા બાબતે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવા વિનંતી કરેલ છે.

હું પ્રશસ્તિ પારીક, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી સમગ્ર અરવલ્લી જિલ્લાના મહેસુલી વિસ્તારમાં ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(એન), ૩૬(ઈ)(એ) અને ૩૮ અન્વયે મળેલ સત્તાની રૂએ નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ની કલમ-૫(૨)(૩)ની જોગવાઈઓને આધીન તથા સરકારશ્રીના આમુખ-(૧)ના જાહેરનામાં મુજબ તા. ૨૨.૦૯.૨૦૨૫ થી તા.૦૨.૧૦.૨૦૨૫ સુધી રાત્રિના ૧૨.૦૦ કલાક પછી પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરું છું.

હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલિસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

ઉકત જણાવેલ જોગવાઈઓ સરકારશ્રીનાં ગૃહ વિભાગ, વન અને પર્યાવારણ વિભાગની વખતો-વખતની સૂચના/માર્ગદર્શન મુજબ ફેરફારને આધિન તથા સંબંધિતોને બંધનકર્તા રહેશે.

આજ તા. ૨૨.૦૯.૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યો.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 17:09:38 IST